Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# जैन धर्म प्रकाश.

## JAIN DHARMA PRAKASH.

પુસ્તક ૬ ઠું. આશ્વીન શુદિ. ૧૫ સંવત. ૧૯૪૬ અંક.૭મો

मालिनी

प्रशम रस निमग्नं, दृष्टियुग्मं प्रसन्नं;
वदन कमल मंकः कामिनी संग शून्यः
कर युगमपि यत्ते, शस्त्र संबंध वंध्यं
तदसि जगति देवो, वीतरागस्त्वमेव ॥ १ ॥

प्रगट कर्त्ता.

श्री जैनधर्मप्रसारक सभा
ભાવનગર.

अमदावादमां.

"ઍંગ્લો વર્નાક્યુલર પ્રીન્ટીંગ પ્રેસમાં"
શા० નથુભાઈ રતનચંદે છાપી પ્રસિદ્ધ કર્યું.

શાક ૧૮૧૨. સન ૧૮૯૦

મુલ્ય વર્ષ ૧ નો રૂ૧-૦-૦ આગાઉથી પોસ્ટેજ રૂ૦-૩-૦ જુદું.
છુટક અંક એકના રૂ ૦-૨-૦

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## अनुक्रमणिका.


| વિષય. | પૃષ્ટ |
|---|---|
| ચાર ધ્યાનનું સ્વરૂપ. | ૯૭ |
| ચરચા પત્ર. | ૧૦૦ |
| ઉદ્યાપન. | ૧૦૬ |
| વજ્રસ્વામીનું ચરિત્ર. | ૧૧૧ |


## ખાસ સૂચના.

જ્ઞાનનું બહુ માન જ્ઞાનાવરણી કર્મનો ક્ષય કરે છે અને જ્ઞાનની આસાતનાથી જ્ઞાનાવરણી કર્મ બંધાય છે માટે ચોપાનીઆને રખડતું ન મેલતાં ઊંચે આસને મુકવું અને અઘંત લક્ષપુર્વક વાંચી યથાશક્તિ ધર્મ કાર્યમાં પ્રવર્ત્તવું.


સર્વે જૈનધર્મી ભાઇઓને અવશ્ય ખરીદ કરવા લાયક

## ચરિતાવળી.

અથવા

## જૈન કથા સંગ્રહ.

સુંદર, રસીક અને બોધદાયક હેતુથી તે પંદર વાર્તાઓનો સમુહ આ ચોપડીમાં છાપવામાં આવશે. એ સઘળી કથાઓ એવી સારી રીતે લખવામાં આવશે કે તે વાંચી દરેક વાંચનાર આનંદ પામવા સાથે બોધ પ્રાપ્ત કરશે. એ ચોપડી લગભગ ચોપાનીઆ જેવડા કદની આશરે ૩૭૫ પાનાની થશે તે સાથે સુંદર અને મજબુત પાકાં પુંઠાથી બંધાવામાં આવશે જૈનોને માટે આવી એક પણ ચોપડી નથી.

અગાઉથી પૈસા મોકલી નામ નોંધાવનારે કિંમતનો રૂ ૧। મોકલવો પાછળથી કિંમત વધારે રાખવામાં આવશે માટે યાદ રાખવું કે, નહી ગ્રાહક થનાર પસ્તાશે.

આ સંબંધી તેમજ બીજા કાર્યો સંબંધી પત્ર વ્યવહાર નીચેને શિરનામે રાખવો.

અમરચંદ ઘેલાભાઈ.

શ્રી જૈનધર્મ પ્રસારક સભાના મંત્રી.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# श्री जैनधर्म प्रकाश.

# JAIN DHARMA PRAKASH.


દોહરો.

ઘંટા નાદ વગાડતાં, ખરરર થાય આકાશ;
તેમ ભૂતળ ગર્જાવતું, પ્રગટ્યું જૈનપ્રકાશ. ૧

પુસ્તક ૫ મું. શક ૧૮૧૨ આસો શુદિ ૧૫. સંવત ૧૯૪૬. અંક ૭ મો.

## चार ध्यान्नुं स्वरुप.

(લખનાર મુનિરાજ શ્રી શાંતિવિજયજી)

ધ્યાન ચાર પ્રકારના છે. આર્ત્તધ્યાન, રૌદ્રધ્યાન, ધર્મધ્યાન અને શુક્લધ્યાન. પ્રથમ આર્ત્તધ્યાનનું સ્વરૂપ—મને સુંદર વસ્ત્ર મળે, શયન કરવા મનોહર પલંગ જોઈએ, કોમળ અંગવાળી સ્ત્રીનો વિરહ કદિ ન થાઓ, રત્ન જડિત સુવર્ણના આભૂષણોથી મારૂં અંગ વ્યાપ્ત રહો, સુગંધિ મોઘરો અને ચંપાના ફુલો હું અહર્નીશ સુંઘ્યાં કરૂં, શય્યામાં હું શયન કરતો હોઊં ત્યારે સ્ત્રીના સુવાળા હસ્તવડે મારૂં પગ ચંપન થતું રહે, મૃદંગ અને સારંગીઓના સંગીત સહિત વારાંગનાઓ મને નિરંતર ગાયન સંભળાવ્યા કરે, મન ગમતું ઉત્તમ ભોજન મને મળો, હું હુકમ હોદ્દા અને હાથી ઘોડાઓથી અવિરહિત થઈ ક્યારે સંપૂર્ણ સુખ ભોગવું, આ વાંચ્છિત ભોગ વિલાસ મારા કદિપણ નાશ ન થાઓ, પાંચ ઈંદ્રિયોને અણગમતા વિષયો મને કદિપણ ન મળો. મૃત્યુ થએ દેવવિમાન મળો, હું ઈંદ્રિપદવી ચક્રવર્ત્તિ પદવી પામું તો કેવું ઉત્તમ?—આવા આવા જે ખાલી તર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગો અંતરંગ વૃત્તિમાં ઉઠ્યા કરે તેનું નામ શાસ્ત્રકારોએ આર્તધ્યાન કહ્યું છે. આ ધ્યાન સંસાર વૃદ્ધિનું હેતુ છે. માટે બુદ્ધિમાનોએ વધવા દેવું નહીં અને આવતું વારવું. આવા મનોરથો કરવાથી કાંઈ સુખ મળતું નથી અને પાપબંધન થાય છે. સુખતો ધર્મ સેવનથી જ પ્રાપ્ત થાય છે.

રૌદ્રધ્યાનનું સ્વરૂપ—હિંસા અને ક્રુરતા યુક્ત હનન, દહન, બંધન, છેદન, તાડન, તર્જન અને જીવોનું શોષણાદિ કરવામાં જેનું મન સદા આલ્હાદિત રહેતું હોય, કૌતુકમાં ચડી પ્રાણિઓના નખ, હાથ, પગ અને નેત્ર વિગેરે અવયવો ઉત્પાટન કરી જેના અંતઃકરણને શાંતિ ઉત્પન્ન થતી હોય, મારા વૈરીઓનું ઉન્મૂલન થઈ જાઓ, હું ક્યારે તેના મુખ ઉપર થુંકું, મારૂં ચાલે તો તેઓના કાન નાક છેદી નાખું, હોઠ પીસીને એમ પણ બોલતો જાય કે એક વારતો અસત્ય બોલીને કિંવા ખોટી સાક્ષિ પુરીને પણ તેને સજા દેવરાવું તોજ મારૂં નામ ખરૂં, હજી મારા પાંચ ઇંદ્રિના વિષય ઉણા છે (જેમકે કેટલાક રાજાઓ પૂર્વકાળમાં સાતમો ખંડ સાધવા ગયા હતા તેમ), એ વિગેરે સદા કાળ મહા આરંભ કરવાના અને મહા પરિગ્રહ મેળવવાના વિચારો જે અંતઃકરણમાં થયા કરે તે અંતઃકરણને જ્ઞાનિ પુરૂષોએ રૌદ્રધ્યાનવાળું કહ્યું છે. રૌદ્રધ્યાની મનુષ્ય મરીને દુર્ગતિએ જાય છે. માટે આત્મહિત ઈચ્છક મનુષ્યોએ રૌદ્રધ્યાનમાં કદિ જોડાવું નહિં. કોઈનું માઠું ચિંતવન કરવાથી તેનું માઠું થતું નથી અને આપણને ઉલટું કર્મબંધન થાય છે, માટે આ દુર્ધ્યાન પણ છાંડવા યોગ્યજ છે.

ધર્મધ્યાનનું સ્વરૂપ—સર્વજ્ઞ વીતરાગ પ્રભુની, નિર્ગ્રંથ મુનિની અને ધર્મ શાસ્ત્રની હું ભક્તિકરૂં, તેઓની આજ્ઞા અવિછિન્ન પાળું, મારે જેને જીતવાછે એવા કામ ક્રોધ મને જીતી જાય છે માટે હું તેને જીતવા પ્રયત્ન કરૂં, પાંચ ઇંદ્રિઓને મારે વશ રાખવી જોઈયે, એવા જેના અંતઃકરણમાં વિચારો થતા હોય, પરનિંદા કરવામાં જેનુ મન નારાજ થતું હોય—શાસનની પ્રભાવના કરવા જેને અહર્નીશ ઉત્કંઠા રહેતી હોય —ક્ષુધિત મનુષ્યને જેમ ઘેબર ખાવાની ઇચ્છા રહે તેમ જેને નિરંતર ધર્મ સાધન કરવા વાંછા થતી હોય—રોગ આવે તો આનંદ માની કર્મના શુભાશુભ વિપાકનું ચિંતવન કરે—અનાદિ અનંત કાળથી પ્રવાહરૂપે ચાલતી આવેલી દુનિયા દ્રવ્યાર્થિકનયથી ધ્રુવ છે, અને પર્યાયાર્થીકનયથી ક્ષણભંગુર છે: મારો આત્મા ક્યારે નિરસે ખણઈ સ્વ સ્વરૂપમાં નિશ્ચળ થશે ? એવા ઉત્તમ ઈરાદા યુક્ત જે મનુ

For Private And Personal Use Only

ધ્યનું મન રહે તે મનુષ્યને શાસ્ત્રકારોએ ધર્મધ્યાની વર્ણવેલ છે અને તેવા ધ્યાનને-વિચારને-ધર્મધ્યાન કહ્યું છે. આ ધ્યાન આદરવા રૂપ છે, સંસાર ઓછો કરવાનું મુખ્ય કારણ છે, ઉત્તમ ગતિને દેનારૂં છે, પરંતુ આવવું બહુ દુર્લભ છે. પિંડસ્થ, પદસ્થ રૂપસ્થ અને રૂપાતિત આ અન્ય ચાર પ્રકારથી પણ ધર્મ ધ્યાન આરાધી શકાય છે. હૃદય કમલમાં પરમ નમસ્કાર મંત્રનું ધ્યાન કરવા માટે આ ધ્યાનજ પ્રશસ્ય કહ્યું છે. માટે બુદ્ધિમાનોએ એ ધર્મ ધ્યાનનો લાભ લેવા પ્રમાદ કરવો નહિં.

શુકલ ધ્યાનનું સ્વરૂપ—જેની ઇંદ્રિયો વિષયથી વિરક્ત થઇ ગઇ હોય, નિર્વિકલ્પમાં જેનું ઉત્તમ અંતઃકરણ લીન થયું હોય, કષાય[1] નો જેણે પરાજય કર્યો હોય, તે મનુષ્યને શુકલ ધ્યાન ઉત્પન્ન થાય છે. આત્મ સ્વરૂપ રમણ લાભ દેનારૂં કેવળજ્ઞાન પણ આ ધ્યાનથીજ પ્રાપ્ત થઇ શકે છે. પૃથકત્વવિતર્કસવિચાર, અપૃથકત્વવિતર્ક વિચાર, સુક્ષ્મક્રિયા અનિવર્ત્તિ અને વ્યુપરતક્રિય ભેદો વડે તત્વ પ્રાપ્તિ અવલોકન અને સ્વાત્મ સ્વરૂપ અવસ્થાન આ ધ્યાનથીજ થઇ શકે છે. મન વચન અને કાયાનો તાત્વિકનિરોધી આત્મા શૈલેશીકરણ કરી આ ધ્યાનથીજ મુક્તિ પામી શકે છે. આ ધ્યાનનો મહિમા અનંત છે. સંસારની સર્વ ઉપાધિનું છેદન અન્ય ધ્યાનથી કદિ થઇ શકતું નથી. આવું ઉત્તમોત્તમ ધ્યાન જીવને એકજવાર આવે છે. એ ધ્યાન વજ્રારૂષભનારાચ સંહનનવાળા આત્માનેજ આવે. આ ધ્યાનના બળથી સંયમિત થયેલો આત્મા અતીંદ્રિય સુખનો ભોક્તા થાય છે, લોકાગ્ર ભાગમાં તેની સ્થિતિ થાય છે, સમ્યક જ્ઞાનદર્શન ચારિત્ર જન્ય આનંદથી લીન રહે છે અને ફરી કદિ સંસારમાં અવતરતો નથી. એનુંજ નામ પરમેશ્વર; એને ચહાય સચ્ચિદાનંદ બ્રહ્મ કહો—વીતરાગ કહો વિશ્નુ કહો-એ સર્વે એકજ છે. જે બુદ્ધિમાનો કહે છે કે પરમેશ્વર દુષ્ટોનો સંહાર કરવા સંસારમાં પુનઃપુનઃ અવતાર ધારણ કરે છે તે કથન યુક્તિ વિકલ છે; કારણ કે આવા ઉક્ત પ્રકારના ધ્યાનથી કૃતકૃત્ય થયેલ આત્માને ફરી સંસારના દુઃખમાં પડવાનું શું પ્રયોજન? અને તેથી શ્યો લાભ? અર્થાત્ કાંઇજ નહિ.

એ પ્રમાણે ચાર ધ્યાનનું સ્વરૂપ જાણી-વિચારી-સર્વ મનુષ્યોએ આર્ત્ત અને રૌદ્રધ્યાનથી દૂર રહેવું અને ધર્મધ્યાન તથા શુકલ ધ્યાન ધ્યાવા તત્પર થવું.

---

૧ ક્રોધ, માન, માયા, લોભ એ ચાર કષાય.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# जैन विद्याशाळा स्थापवा विनंति.

( ભુજંગી વૃત. )

સુણો જૈન બંધુ કહું શીખ સારી, અરે અર્જ આ ઊરમાં લ્યો ઉતારી;
સદા સર્વના સુખના બીજ વાવો, પુરા પ્રેમથી જૈનશાળા કરાવો. ૧
ખરે તત્વ સુજ્ઞાન વિના ન જાણે, શુભા શુભ કૃત્યો કહો કેમ માને;
તમે જન્મ એળે અરે શું ગુમાવો, પુરા પ્રેમથી જૈનશાળા કરાવો. ૨
બધા બાળકોને બહુ બુદ્ધિ થાવા, તથા તેહને ધર્મ શ્રદ્ધા કરાવા;
સહુ સાહુકારો ભણોને ભણાવો, પુરા પ્રેમથી જૈનશાળા કરાવો. ૩
મળ્યો પુન્ય યોગે મનુ જન્મ ભારી, કહો કેમ તેની કરો છો ખુવારી;
વિચારો નરો વ્હેમમાં ન તણાઓ, પુરા પ્રેમથી જૈનશાળા કરાવો. ૪
ખરે આપણી સ્થિતિ પૂર્વે હતી જે, અરે આજ એમાંની લેશે નથી તે;
ભણો જ્ઞાનને હઠ જુઠો સમાવો, પુરા પ્રેમથી જૈનશાળા કરાવો. ૫
થઇ જે સ્થળે હાલ છે જૈનશાળા, જુઓ ત્યાં તણા બાળકો જ્ઞાનવાળા,
તથાપિ તમે કેમ ચિત્તે ન લાવો, પુરા પ્રેમથી જૈનશાળા કરાવો. ૬
શ્રીમંતો વિનંતિ સુણી ચિત્ત ધારો, તમે દીર્ઘ દ્રષ્ટિથી ઊરમાં ઉતારો;
સ્વધર્મી જનોને સુધારો સુધારો, પુરા પ્રેમથી જૈનશાળા કરાવો. ૭
બહુ લાભ કારી અરે વાત આછે, કર્યાથી પુરા પુન્યનો થોક થાશે;
અરે દ્રવ્યવાળા લહો શુભ લાવો પુરા પ્રેમથી જૈનશાળા કરાવો. ૮

જ. ડા.

# चरचापत्र.

**શ્રીયુત જૈનધર્મ પ્રકાશના સમ્પાદક.**

આપના સુધર્મ પ્રવર્તક પત્રમાં આ ક્ષુદ્ર લેખને સ્થાન આપી તેનો પ્રતિ ઉત્તર આપ પોતે અથવા આપના આચાર્યની સંમતીથી લખી એજ માસિક પત્રદ્વારા આપશો.

શ્રીયુત શ્રી ૧૦૮ મહામુની..આત્મારામજીકૃત, અજ્ઞાનતિમિરભાસ્કર ગ્રંથદ્વારા કરેલ વૈદિક મતનું ખંડનતથા જૈનધર્મનું પ્રતિપાદન મારા વાં-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચલાવામાં આવ્યું. ન્યાયી પુરૂષોનો નિયમ છે કે પ્રતિપક્ષિનું ખંડન કરતાં પોતામાં કાંઈ પણ વિક્ષેપ આવી પડે તેને માટે વધારે સાવચેતી રાખવાની જરૂર છે. પણ જેણે ન્યાયાંભોનિધિનું વિશેષણ ધારણ કરેલું તેમાં જોઈતી સાવચેતી ન હોય અને વચતો વ્યાઘાત દોષ જોવામાં આવે તેના જેવું આશ્ચર્ય બીજું શું હશે? જૈન શાસ્ત્ર નિરીશ્વરવાદ પ્રતિપાદન કરી કર્મવાદને પ્રાધાન્યપણે માને છે તો જ્યારે પ્રાક્તન કર્મના યોગે શુભાશુભ ફળની પ્રાપ્તિ થવાની છે, ત્યારે ભયથી અથવા અન્યકારણથી કર્મવાદ પડતો મુકી અન્યનું અવલંબન કરવામાં આવે અથવા કોઈ પણ વાત ઉત્પટાંગ લખવામાં આવે તો ન્યાયની જગાપર શું કહેવું?

અજ્ઞાનતિમિરભાસ્કરમાં શુભ મુહૂર્તની પ્રશંસા કરવામાં આવેલી છે ગ્રહોનું પ્રતિપાદન કર્યા શિવાય અગર ગ્રહોથી ભયભીત થયા શિવાય, શુભ મુહૂર્ત તપાસવાની કે ગ્રહાદિનું પુજન કરવાની અપેક્ષા રહેતી નથી. જ્યારે કર્મવાદ પ્રાધાન્ય છે ત્યારે મુહૂર્ત્તાદિનું પ્રયોજન શું?

ભૂગોળવિદ્યાનું પ્રતિપાદન કરતાં વર્ત્તમાનકાળની ભૂગોળનું ઉત્થાપન કરેલું છે, અને પોતાની વાતને સાબીત કરવા સમુદ્ર તથા દ્વીપોનું રૂપાંતર થાય છે એમ બતાવ્યું છે. પણ જૈનધર્મના વર્ત્તમાન પુસ્તકો મહાવીરસ્વામીના નિર્વાણ પછી લખાયેલાં છે. અને મહાવીરસ્વામીને નિર્વાણ પામ્યાને આજ આશરે ૨૫૦૦ સો વર્ષ થયાં છે, તો છેલ્લા બે હજાર વર્ષમાં એવો ફેરફાર નથી થયો કે જેથી જલસ્થલનું રૂપાંતર થયું હોય. જ્યારે રૂપાંતર થયું નથી. ત્યારે આત્મારામજી જે ભૂગોળનું પ્રતિપાદન કરે છે તે ઉપર કેટલો વિશ્વાશ રાખવો?

અજ્ઞાનતિમિરભાસ્કરમાં 'राजानो ददते सौख्यम्' એ વાક્ય લખી નીચે લખેલું છે કે સદરહુ વાક્યના આઠ લાખ અર્થતો હું કરી શકું છું. મને ઘણુંજ આશ્ચર્ય લાગે છે કે આઠ લાખતો શું પણ માત્ર આઠસોજ અર્થ ન્યાયાંભોનિધિને માલમ હોત તો તેમાંથી આઠ અર્થતો લખવા હતા! જ્યારે આઠમાંથી ચાર પણ લખી શક્યા નથી તો એ માનવાને કાંઈ પણ હરકત નથી કે આ એક ગપ ઠોકી મુકી છે,

ખંડન તે કર્યું થાય છે કે જે વાત તે ધર્મને માનનારા આચાર્યો પ્રતિપાદન કરતા હોય. અજ્ઞાનતિમિરભાસ્કરમાં જે વૈદિકધર્મનું ખંડન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરતાં શ્રીમત્ દયાનંદ સરસ્વતિ ઉપર જે વેરનો ઉભરો કહાડવામાં આવ્યો છે, તે વિના કારણ અમવેડી કાગળ બીગાડયા શિવાય બીજું ફળ થયું હોય એમ હું ધારતો નથી. કારણ કે ચાર વેદ, જેમાં હિંસા નથી અને જે શ્રીમાન્ ઋષભદેવ સ્વામીના વખતમાં બનેલા તેને જૈનધર્મીય પણ કબુલ કરે છે. ત્યારે વેદનીતો ના પાડી શકાતી નથી, માત્ર હિંસા આદિ દુર્ગુણોને લીધે વેદનું ખંડન લખવાની જરૂર પડી. હવે વિચાર કરો કે સ્વામીજીએ જો હિંસક વેદનું પ્રતિપાદન કર્યું હોત તો ન્યાયાંભોનિધિ મહારાજનો વેઠેલો શ્રમ સફળ થાત. પણ સ્વામી દયાનંદના કોઈ પણ વાકયમાં હિંસાને ટેકો મળે એવું લખાયું નથી, ત્યારે જે માણસ વ્યભિચાર નહીં કરતો હોય તેને તેના પૂર્વજોની ખોટી અથવા ખરી વાત સંભારી કહેવું કે તું વ્યભિચારનો નિષેધ કરે છે માટે પાખંડી છે, એ જેવું ન્યાય યુક્ત ગણાય તેવુંજ **ભાસ્કરમાં** કરેલું દયાનંદમત ખંડન છે.

વર્તમાનકાળમાં જ્યારે દરેક મનુષ્ય પોત પોતાના ધર્મ સંબંધી સ્વતંત્ર વિચાર આપી શકે છે, તેવા વખતમાં અહિંસા ધર્મનો ફેલાવો કરનાર એક ધર્મ ધુરંધર મહાત્મા જૈનશૈલીએ નહિ પણ અન્ય પ્રકારે અહિંસાનું પ્રતિપાદન કરે, તેવાની ઉપર કડવા વચનની વૃષ્ટિ કરવી એ ન્યાયના સમુદ્રને છાજતું હોય એમ કોણ કબુલ કરે? બે આચાર્યોના એક સિદ્ધાન્તને માટે વિચાર મળતા આવતા હોય તો પરસ્પર સંપસંપી વિરૂધ વિચારની પ્રજાને સુધારવા પ્રયત્ન કરવો એથી જેટલો લાભ, તે કરતા સ્વામીની વાતને બળાત્કારે ખોટી ઠરાવી એક દેશની વસતી પ્રજામાં કુસંપનું બીજ વાવવું એ સમદ્રષ્ટિ અને સમ્યક્ત શૈલીએ આરૂઢ પુરૂષને છાજે છે એવું કોણ કબુલ કરશે! अलमति विस्तरेण विपश्चित् वरेषु किम धिकम्.

લી० હું છું.

આર્યદેશભક્ત **નાથાભાઈ ભાણાભાઇ.**

આર્યધર્મ પુસ્તક પ્રસારક મંડળીના મંત્રી.

**સુરત.**

## આ ચરચા પત્ર સબંધી માહારાજ શ્રી આત્મારામજી તરફથી લખાઈ આવેલો ઉત્તર.

१—प्रियवर! जो पुन्यपापका फल अपने करे कर्मानुसार जड

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



चेतनरुप निमित्तद्वारा प्राप्त होता है जैनमतमें जो ऐसा माना है सो सत्य है क्योंकि ईश्वरको कर्मफलका देनेवाला मानिये तो ईश्वर निःकलंक सिद्ध नही होता है. इसकथनको सूक्ष्मबुद्धिसें विचारना चाहिये नतु स्थूलबुद्धिसें और जो तुमारे मनमें न्यायांभोनिद्धि शब्दके वांचनेसें दुःख उत्पन्न होता होवे तो तुमने पूर्वोक्त शब्द नही वांचना इससें तुमको दुःख नही उत्पन्न होवेगा. यह पूर्वोक्त शब्द भक्त जनोनें भाक्ति वश होकर लिखा है परं ग्रंथकर्ताने नही लिखा है और विना स्वकृत कर्मके और कर्मफल भोगनेके निमित्त विना अन्य किसी वस्तुका अवलंबन जैनमति नही करते है.

२—कर्मके फलभोगनेमें कालभी एक निमित्त है क्योंकि जैनमतके शास्त्रोमें लिखा है कि शुभ कालके निमित्तसें अशुभ कर्मका उदय नही होता है [illegible]ते मुहुर्तादि शुभ कालरूप निमित्त आवश्य देखना चाहिये.

३—भूगोलका स्वरूप जैसें जैनमतमें माना है तैसेही सर्व जैनमतवाले मानते है क्योंकि शत्रुंजय महात्म ग्रंथमें लिखा है कि समुद्रके पानीसें बहुत देश डूब गए है इस वास्ते भरतक्षेत्रका स्वरूप हम यथार्थ नही बतला सक्ते है और शास्त्रकार तो जो सनातनकथन है तैसाही कथन करते है परंतु जैसें कोइ अञ्जबेरजेकी पोटलीको अपनी बुद्धिकी कल्पनासें बरास बनाया चाहता है तैसे शुद्ध जैनमती अपनी कल्पनासें जैनमतके शास्त्रोंके अर्थ फेर के नवीन स्वकपोल कल्पित अर्थाभास नही कर सक्ते है और जो अपने मनमानी वर्त्तमान अंग्रेजोके कथनानुसार भूगोल के सदृश अपने शास्त्रोंके अर्थ रचके अपने माने शास्त्रोंकी सत्यता प्रगट करते है वे अपनेही शास्त्रको कपोल कल्पितसिद्ध करते है क्योंकि ज्योतिष शास्त्र[illegible]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



लिखतेहै कि पृथवीका फिरना वेदसें विरुद्ध है तोभी हम कथन करते है इस वास्ते जिसकों जो अच्छा लगे सो मानो इसमें हमारी कुछ हानि नही है.

४—इसका अर्थ नीचे मुजब समझ लेना परंतु संपूर्ण इसके अर्थ तो योग्य पुरुषकों दिखलाऐ जाते है. यह गप्प नही है; गप्प तो सोहै जो स्वकपोलकल्पित अर्थाभास रचके हिंसक शास्त्रोंकों सच्चा कर दिखलाना है. हमतो जो अर्थ करते है सो पूर्वाचार्योके लिखितानुसार करते है.

"राजानोददतेसौख्यं" सावित्री भावितो राजा विसृजो विघृणोविराट् सप्तार्चिः सप्ततुरगः सप्तलोकनमस्कृतः १ इति श्री स्कंद पुराणे श्री सूर्य सहस्त्रनामांतभणि तत्वात् राजा श्री सूर्यःनोऽस्माकं सौख्यं ददतेददाति इदं श्री सूर्य देवता भक्तजनानां वचनं ॥ १ ॥ पुनःप्रकारांतरेण श्री सूर्यदेवस्यैव वर्णनमाह ॥

"राजाआनोददतेअसौख्यं" ऋशब्दः पावके सूर्येधर्मे दानेधनेपुमान् आ अरौ अरअेतानि अरंचारौ ऋंश्चशासि इति विश्वशंभु वचन प्रामाण्यात् आ सूर्यः श्री आदित्यदेवः अमानोनाः प्रतिषेधे इति वचनात् नोन असौख्यं न सौख्यं असौख्यं दुख मित्यर्थः तत् ददते प्राणिना मितिशेषः सर्व दैव सर्वेषां सौख्यदानात् किं आराजा राजते दीप्यते विश्व व्यापि प्रभाभि रिति राजा इदमपि श्री सूर्य सेवका नामेव वचनं ॥ २ ॥ अथ पुनःप्रकारांतरेण श्री ब्रह्म विष्नुंशिवदेवानामा श्रित्यार्थमाह ॥

"राअजअअनोअददतईसौख्यं" रारमारमणीबाला इति विश्वशंभु वचनात् रातत्पर्यायत्वात्श्रीः तथा अजोब्रह्माअःकृश्न इति श्री अमर. वचनात्अः श्रीकृश्नः तथा अःशिवेकेशवेवायौ ब्रह्मचंद्राग्निभानुषु इ-

For Private And Personal Use Only

ति श्री विश्वशंभु वचन प्रामाण्यात् अ:शिवः ततोऽजश्चअश्चअश्चअ-
जाः श्रियाउपलक्षिताअजाः श्रीअजाः श्री ब्रह्म विश्नु शिवाख्या स्त्र-
योपिदेवानोऽस्माकंईः श्रीरितिश्रीअमरकविवचनप्रामाण्यात्ईः श्रीस्त-
स्यास्तत्सं बंधिवा सौख्यं ऋद्धि सौख्य मितियावत् अददत् अदुरित्य-
र्थः इदंतत्तत्सेवकानां वचनं अत्रराशब्दोल्यवधानेनश्रयितातिस्कंदापश्चिषे
चित्रादित्वात्नदोषश्चाकृगणायेन ध्वस्तमनोभवेनबलिजिवात्कायःपुरास्त्री
र रोगस्थोद्वृत्तभुजंगहारवलयोगंगांचयोधारयन्यस्याहुःशशिमच्छिरो
हर इति स्तान्धंचनामामराःपायात्सस्वयमंधकक्षयकरस्त्वां सर्वदोमाधवः
१ इत्यादि एवमग्रेपि सतिप्रयोजने अनुसर्त्तव्यं ॥ ३ ॥

"राअजानोददतेसौख्यं" राःमारमणीबालेतिवचनात् रारमणीनो ऽस्मभ्यंसौख्यंददते किं राअजा अजश्छाछागे हरे विश्नौरघुजेवेधसिस्मरे इति श्री हैमानेकार्थवचनात् अजंहरं १ विश्नुं २ रघुजं ३ ब्रह्माणं ४ स्मरं ५ वा अटति अतति गच्छतीतिअजा पार्वती १ लक्ष्मीः २ इंदु-मती ३ सावित्री ४ रतिश्च ५ इदंतत्तद्भक्तानांवचनं अर्थाः५ सर्वे ८॥

५––खंडन असत्यका होता है सत्यका नही. यद्यपि कोइ जूठ कों अपनी कल्पनासे सत्य सिद्धकर देवे तदपि असत्य असत्यही है. जैसें कोइ अज्ञ अत्यंत व्यभिचारिणी स्त्रीका अपनी कल्पनासें शील-वती सिद्धकर देवे तो उसकों बुद्धिमान् सत्यका पक्षी नही मानेंगे यद्यपि शीलका पक्षकरना अच्छा है तोभीतिस पुरुषकों शीलका प-क्षकरनेवाला नही मानना चाहिये. जो धर्म सत्यरूप है सो नवीन नही है तिसके प्रतिपादक शास्त्रके उपर भाष्यादिभी प्राचीनोके-करे अवश्य होने चाहियें और वेदों उपर जो प्राचीन भाष्यादि हैवेही वेदोकों हिंसाक उपदेशके सिद्ध करते है. श्री ऋषभदेवके समयमें जे वेदथे वे जैनमतानुसारीथे उनका मानना ठीक था परंतु वेदकेना-

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



मसे हिंसक पुस्तकोंका मानना और तिनके अर्थ बदलके अन्यथा करने यह बुद्धिमानोंका काम नही है इस वास्ते अज्ञानतिमिरभास्कर मेभी असत्यके खंडन वास्तेही परिश्रम और स्याही कागज काममें लीए गए है.

६—अहिंसा सत्य ब्रह्मचर्यादि शुभ कृत्योंकी वृद्धिकरनेवालेकों तो सदाही चिरंजीव ऐसा आशीर्वाद है परंतु जो कोइ अमृत भोजन अशुद्ध भाजनमेंसे निकालके किसी उत्तम जातिवालेकों दवेंसे तबतो उत्तम जातिवाला कदापि नही लेवेगा यद्यपि अमृत भोजन अच्छा है तोभी निंद्य भाजनके संबंधसें त्यागने योग्य है. ऐसेही जो शास्त्र वास्तवमें हिंसाका प्रतिपादक है तिसको स्वकपोल कल्पनासें दयाका प्रतिपादक सिद्ध करना यह बुद्धिमान् सत् पुरुषोंका काम नही है. वास्तवमें वे शास्त्र त्यागने योग्य है. हांजेकर दयाके उपदेशक शास्त्रानुसार तुमारे स्वामीजीने दयादि सत्कर्मोंका उपदेश करा होतातो कदापि बुद्धिमान अनादर न करते. असभ्य वचनोंसें तो तुमारे स्वामिजीका रचा सत्यार्थप्रकाश भराहूआ है फेर तुम अन्योंकों कडवे वचनकी वृष्टि करने वाले लिखते हूए शरमाते नही होयह बडा आश्चर्य है. एक संपीका विरोध तो सत्यार्थप्रकाश रचके तुमारे स्वामीजीनेही करा है सर्व मतवालोकों ऐसे ऐसे असभ्य और तिरस्कारके वचन लिखे है कि जिनके वाचनेसें एकसंपीभी होवे तो तत्काल तूट जावे. प्रियवर! सन्मूर्छित ममतका आग्रह बुद्धिमानकों न करना चाहिये ॥ इत्यलम् विस्तरेण ॥

## ઉદ્યાપન.

ઉદ્યાપન કરવાનો રીવાજ પ્રસિદ્ધ છે. લોકોમાં ઉદ્યાપનને માટે ઉજમણું એ શબ્દ પ્રસિદ્ધ છે. ઉજમણું કહો અથવા ઉદ્યાપન કહો એ સર્વે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એકજ છે. ઉદ્યાપન એટલે વિશેષ પ્રકારે ફળ પ્રાપ્તિ કરાવે તે. કોઇપણ પ્રકારનો તપ કરવો એ મનુષ્ય માત્રની ફરજ છે જીનેશ્વર ભગવંતે નિકાચીત કર્મનો ક્ષય પણ તપથી થાય એમ કહ્યું છે અને એટલા માટેજ સર્વે કોઇ શ્રદ્ધાળુ મનુષ્ય યથાશક્તિ તપ કરવામાં પ્રવર્તે છે. એવા કોઇપણ પ્રકારનો તપ કરી તેનું ઉદ્યાપન કરવુંજ જોઇએ કારણ કે તપથી જે ફળ મળવું જોઇએ તેની સંપૂર્ણ પ્રાપ્તિ ઉદ્યાપન કરવાથીજ થાય છે. ઉદ્યાપનનો રીવાજ તો અન્ય દર્શનીઓમાં પણ હોય છે, પરંતુ જૈન રીતિમાં અને એ રીતિમાં ઘણો તફાવત છે, જૈન શાસ્ત્રમાં કહેલો હેતુ તપને સંપૂર્ણ રીતે પુષ્ટિકર્તાજ છે. પંડિત વીરવિજયજી કર્મસુદન તપની ચોસઠ પ્રકારી પુજાના કલશમાં કહે છે કે—

ઉજમણાથી તપ ફળ વાધે એમ ભાખે જીનરાયો.

એટલે શ્રી જિનેશ્વર ભગવંતે કહ્યું છે કે તપનું ફળ ઉદ્યાપન કરવાથી વૃદ્ધિ પામે છે. વળી પંડિત શ્રી પદ્મવિજયજી માહારાજે પોતાની બનાવેલ તપપદની પૂજામાં કહ્યું છે કે—

ઉજમણું તપ કેરું કરતાં, શાસન સોહ ચડાયાહો,
વીર્ય ઉલ્લાસ વધે તેણે કારણ; કર્મ નિર્જરા પાયા.

તપનું ઉજમણું એટલે ઉદ્યાપન કરવાથી શાસનની પ્રભાવના થાય છે. અર્થાત શાસનની શોભામાં વૃદ્ધિ થાય છે. અને શાસનનું બહુ માન થાય છે; વળી ઉદ્યાપનથી અંતઃકરણમાં ખરેખરો હર્ષ પ્રાપ્ત થાય છે એટલે શુદ્ધ વિર્યોલ્લાસ પ્રગટે છે તેથી કર્મની પણ નિર્જરા થાય છે. એટલું તો સર્વ કોઇ વિચારી શકે તેવું છે કે ઉદ્યાપન એ કરેલા તપ ઉપર પુર્ણ શ્રદ્ધા હોય તોજ બને. અને તેથી ઉદ્યાપન સમયે કરેલ તપની સ્મૃતિ આવી તેની વારંવાર અનુમોદના થાય છે એટલુંજ નહિ પણ એવા કાર્યથી બીજા અનેક લોકો અનુમોદના કરી ફળ પ્રાપ્તિ કરે છે. વલી પુત્ર વિવાહાદિ બીજાં ઘણાં સાંસારિક કાર્યોમાં જે આનંદ થાય છે તે કરતાં આવા કાર્યોમાં કોઈ જુદાજ પ્રકારનો આનંદ થાય છે અને તેથીજ અંતઃકરણમાં ખરેખરો વિર્યોલ્લાસ થાય છે.

શ્રાદ્ધવિધિમાં કહ્યું છે કે શ્રાવકે વર્ષમાં એકવાર અવશ્ય ઉદ્યાપન કરવું. કારણ કે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



लक्ष्मी कृतार्थो सफलं तपोपि ध्यानं सदोच्चै र्जनबोधि लाभः
जिनस्य भक्ति र्जिनशासने श्री र्गुणाः स्युरुद्यापनतो नराणां १
ऊद्यापनं यत्तपसः समर्थने ते चैत्य मौलौ कलशाधिरो पणं
फलोपरोपोऽक्षत पात्र मस्तके तांबुलदानं कृत भोजनो परि २

ઊધાપન કરવાથી મનુષ્યની લક્ષ્મી કૃતાર્થ થાય, તપ સફ્લ થાય, ભલા પ્રકારનું ધ્યાન રહે, ઘણા લોકોને બોધિ (સમ્યકત્વ) નો લાભ થાય, જિનેશ્વરની ભક્તિ થાય, જિન શાસનની શોભા થાય અને ગુણની પ્રાપ્તિ થાય. વળી જેમ ચૈત્ય કરાવી તેના કલશનું અધિરોપણ કરવું, જેમ અક્ષત પાત્ર ઉપર ફ્લનું સ્થાપન કરવું અને ભોજન કર્યા પછી તાંબુલદાન આપવું તેવી રીતે ઉધાપન એ કરેલા તપને પુષ્ટિ કર્તા છે.

આ ઉપરથી સિદ્ધ થાય છે કે તપ કરી તેનું ઊધાપન કરવું એ શ્રાવકની ફરજ છે, શક્તિ ન હોય તો યથાશક્તિ પ્રમાણે ખર્ચ કરી કરવું કારણ કે જિનશાસનને વિષે શક્તિના પ્રમાણમાં સર્વે ક્રિયા થઈ શકે છે. પરંતુ જેઓ ધનવંત છે, જેઓએ પૂર્વના પુન્યથી સારી રીતે દ્રવ્ય ઊપાર્જન કર્યું હોય છે તો તેઓએતો અવસ્ય ઊધાપન કરવું જોઇએ. કારણ કે શાસ્ત્ર માંતો સ્પષ્ટરીતે કહ્યું છે કે લક્ષ્મી પામ્યાની સાર્થકતા ત્યારેજ થાય છે કે જ્યારે ઊપાર્જન કરેલ લક્ષ્મીથી આવા શુભ કાર્યો થાય. ઊપરના શ્લોકમાં પણ ઉધાપન કરવાથીજ લક્ષ્મી કૃતાર્થ થાય એમ કહ્યું છે. વળી જે પ્રકાર નો તપ કર્યો હોય તેનું પણ સંપૂર્ણ ફળ ત્યારેજ મળે. જેમ ગમે તેવા સ્વાદીષ્ટ ભોજન જમ્યા પછી તાંબુલ ખાવામાં આવે ત્યારેજ તૃપ્તિ થાય, ગમે તેવું ચૈત્ય બંધાવ્યું હોય પણ તેની ઉપર કલશ ચડે ત્યારે તેની સંપૂર્ણ શોભા આવે તેમ ગમે તે પ્રકારનો તપ કર્યો હોય તેનું સંપૂર્ણ ફળ તે તપ સંબંધી ઉધાપન કરવાથીજ પ્રાપ્ત થાય છે. ઉપધાનાદિ તપ કરી માલા પહેરવી એ સર્વે ઉધાપનનાજ પ્રકાર છે અને શ્રાધ્ધવિધિમાં એ સંબંધી સારો ખુલાશો છે. આ શિવાય સંદેહદોલાવલિ વિગેરે ગ્રંથોમાં પણ ઉધાપન કરવા સંબંધી કહ્યું છે.

હાલનો ઉધાપનની રીતિ એવી રીતે ચાલે છે કે જ્ઞાનદર્શન ચારિત્રના ઉપકરણો એકઠા કરી એક સારો સુશોભિત મંડપ કરી ત્યાં તેનું સ્થાપન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરે. ત્યાં અઠ્ઠાઈ મહોત્સવ કરે. તેમાં વરઘોડા, વિવિધ પ્રકારની પુજા અને પ્રાંતે સ્વામીવત્સલ કરે. તે ઉપકરણો નીચે પ્રમાણે.

જ્ઞાનના ઉપકરણ—

| | | | |
|---|---|---|---|
| ૧ પુસ્તક | ૨ ઠવણી | ૩ કવળી | ૪ સાપડા |
| ૫ સાપડી | ૬ લેખણ | ૭ છરી | ૮ કાતર |
| ૯ ડાબલા | ૧૦ ડાબલી[૧] | ૧૧ ખડીઆ | ૧૨ પાટી[૨] |
| ૧૩ ચાબખી | ૧૪ વતરણા | ૧૫ કાગલ[૩] | ૧૬ કાંબી |
| ૧૭ સ્લેટ[૪] | ૧૮ કાંકા[૫] | | |

દર્શનના ઊપકરણ—

| | | | |
|---|---|---|---|
| ૧ સિદ્ધચક્ર | ૨ સિંહાસન | ૩ કળશ | ૪ ધ્વજા |
| ૫ છત્ર | ૬ ચામર | ૭ રકેબી | ૮ વાટકા |
| ૯ ધુપધાણા | ૧૦ આરતી | ૧૧ મંગલદીવા | ૧૧ દીવી |
| ૧૨ કંકાવટી | ૧૩ ત્રાંબાકુડી | ૧૪ આચમની | ૧૫ થાળી |
| ૧૬ કળશા | ૧૭ હાંડી | ૧૮ બોઘડા | ૧૯ વાળાકુંચી |
| ૨૦ અંગલુણા | ૨૧ ઓરશીઆ | ૨૨ સુખડના કટકા | ૨૩ કેશરના પડીકાં |
| ૨૪ પુરૂષના પૂજાનાવસ્ત્ર[૬] | ૨૫ સ્ત્રીઓના પૂજાના વસ્ત્ર | ૨૬ ડંડાસણ | |
| ૨૭ મોરપીંછી[૭] | ૨૮ અષ્ટમંગળ | ૨૯ ધાબળી | ૩૦ બાજોઠી |
| ૩૧ પાટલા | ૩૨ ઘંટ | ૩૩ ઝાલર | ૩૪ વાટકા[૮] |
| ૩૫ પુંજણી[૯] | ૩૬ છાબડી[૧૦] | ૩૭ કાંસી (ઝાંઝ) | ૩૮ દર્પણ |
| ૩૯ ફાનસ | ૪૦ ચોવીશીના ગદ્દા. | | |

ચારિત્રના ઊપકરણ—

| | | | |
|---|---|---|---|
| ૧ પાત્રાની જોડ | ૨ તરપણી | ૩ ઓઘા | ૪ મુહપત્તિ |

---

૧ સ્થાપનાચાર્યની ડાબલી. ૨ પાટીઓ અક્ષર લખેલી. ૩ કાગલ સાથે પેનસીલ વિગેરે હાલ વપરાતી જણસો સમજવી. ૪ કાંકરા સાથે- ૫ મોતીના ભરેલા ૬ ધોતીઉ, ઉત્તરાસણ રૂમાલ વિગેરે. ૭ નાની મોટી બે જાત. ૮ કેશર ભરવાના ૯ નાની મોટી બે જાત. ૧૦ પુજા કરવામાં ફુલ લેવા પીતળની થાય તે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૫ ઝોળી ૬ પડલા ૭ સાધુના કપડાંની જોડ ૮ ચોળપટા
૯ ડાંડા ૧૦ કામળી ૧૧ કટાસણા ૧૨ નાની સુપડી
૧૩ સ્થાપનાચાર્ય ૧૪ નાની ચરવળી ૧૫ ગુચ્છા ૧૬ નાની પાટલી

શ્રાવકને ઉપયોગમાં આવે તે—કટાસણાં, મુહપત્તિ, ધોતીઆં, ચરવળા, ઘડી, નોકારવાળી, નવપદની ટીપ, પાંચપદની ટીપ વિગેરે. *

ભરેલો સામાન—પુંઠીઆ, ઝરમર ચંદરવો, તોરણ, રૂમાલ, પાઠાં, ઝોરણી, દેરે લઈ જવાની કોથળી, વાસક્ષેપના વાવટા, નોકરવાળીની ખસેચી વિગેરે. *

આ સઘળી વસ્તુંઓ જો જ્ઞાન પાંચમના તપનું ઉધાપન હોય તો પાંચ પાંચ, નવપદજીના તપનું ઉધાપન હોય તો નવ નવ, મૌન એકાદશીના તપનું ઉજમણું હોય તો અગીયાર, અગીયાર અને વીશસ્થાનક તપનું ઉધાપન હોય તો વીશ વી એમ તપને અનુસરતી સંખ્યા લેવાય છે. હાલ તો આ પ્રમાણે પ્રવર્ત્તન છે. વળી થોડી શકિતવાળા હોય તે એવું કોઈના તરફથી ઉધાપન થતું હોય તો સાથે પોતાનો એક છોડ કરે, અથવા સંઘમાં મોદક વિગેરેનું લ્હાણું કરે એમ પણ રીવાજ છે. પૂર્વે કેવું પ્રવર્તન ચાલતું હશે તે વિષે ચોકસ હકીકત કોઇ ગ્રંથમાં જણાઈ નથી. ઉધાપન કરવું એ તો સિદ્ધ છે. શ્રાદ્ધવિધિમાં જ્યાં આ સબંધી અધીકાર છે ત્યાં હાલના પ્રવર્તનથી બીજી રીતે બતાવ્યું છે. વળી પૂર્વે શ્રીપાલ મહારાજાએ નવપદજીના તપનું ઉજમણું કર્યાનો સબંધ તેમના ચરિત્રમાં છે અને તે વિષે શ્રીમદ્યશોવિજયજી ઉપાધ્યાય શ્રીપાલ માહારાજના રાસમાં લાવ્યા છે. ત્યાં પણ આ પ્રમાણેના પ્રવર્તન સબંધી હકીકત નથી. જ્ઞાનપંચમીના સ્તવનમાં પંડિત જિનવિજયજી ઉધાપનનો સબંધ લાવ્યા છે તેમાં હાલના પ્રવર્ત્તનને મળતીજ હકીકત છે, પૂર્વે આજ પ્રમાણે ઉધાપનનો વિધી

---

૧ સામાયક પ્રતિક્રમણ વીગેરે ધર્મ કાર્યમાં ઉપયોગી થાય તે.

૨ આ સર્વે સામાન ભરેલો હોય અથવા થોડી શકિત હોય તો સાદો, જેવો કરવો હોય તેવો થાય અને એ સર્વે જ્ઞાન અને દર્શનનાજ ઉપકરણો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હશે અથવા બીજી રીતે હોય તોપણ પરંપરાથી ચાલ્યો આવતો હાલ જે વિધિ છે તે ઘણોજ શ્રેષ્ઠ છે અને તે ખરેખર પુન્ય ઉપાર્જન કરવાનોજ હેતુ છે.

આ શિવાય જે વધારે રીદ્ધિમાન, હોય તે તેટલા જિનચૈત્ય કરાવે, તેટલા જિનબીંબ ભરાવે અને તેટલા જીર્ણોદ્ધાર કરાવે એવો પણ નિયમ છે.

આવા ઉધાપનથી સાતે ક્ષેત્રની પોષણા થાય છે. કારણ કે જિનેશ્વર, જિનચૈત્ય અને જ્ઞાનની તો એ ભક્તિજ છે. સાધુ સાધવીના સર્વે ઉપકરણોનો તેમાં સમાવેશ છે અને પ્રાંતે સ્વામીવત્સલ કરવાથી શ્રાવક શ્રાવિકા એ ક્ષેત્રની પણ પોષણા થાય છે. એક ક્ષેત્રની પણ પોષણા કરવાથી અત્યંત લાભ જિનેશ્વર ભગવંતે બતાવેલ છે તો જેમાં સાતે ક્ષેત્રની પુષ્ટિ છે એવા ઉધાપનના લાભનું શું કહેવું ? માટે દરેક શ્રદ્ધાળુની ફરજ છે કે યથાશક્તિ ઉધાપન કરવું.

પ્રાંતે આ સબંધી આટલી પણ બાબત ધ્યાનમાં લેવાની છે કે ઉપર પ્રમાણે ઉધાપન કરી તેમાં માંડેલી વસ્તુઓ કેટલાએક માણસો પોતાને ઘેર રાખે છે.? આથી તે વસ્તુઓ ઉપર સ્વદ્રવ્ય જેવો મમત્વ થાય છે એ કેવળ વિપરીત છે. આ વસ્તુઓ તો અર્પણ કરેલી કહેવાય અને તેથી ઉત્સવ થએ પોતાના ઘરમાં ન રાખતા યોગ્ય યોગ્ય ઠેકાણે મોકલી દેવી એજ શ્રેયસ્કર છે.

---

## શ્રી વજસ્વામીનું ચરિત્ર.

વજસ્વામી એ સુધર્માસ્વામીથી ચઉદમી પાટે થયા. તેમનો જન્મ મહાવીરસ્વામીના નિર્વાણ પછી (૪૯૬) વર્ષે એટલે વિક્રમ સંવત ૨૬ માં થયો. તેમનું ચરિત્ર રસીક અને પ્રભાવિક છે તે નીચે પ્રમાણે.

આ જંબુદ્વીપના દક્ષિણ ભરતને વિષે સ્વર્ગસમાન રીદ્ધિવાળો અવન્તિ નામે દેશ છે. તે દેશમાં દેવતાઓને હર્ષકારી અને લક્ષ્મીનું સ્થાનક રૂપ તુમ્બવન નામે સન્નિવેશ હતું. તેને વિષે લક્ષ્મીદેવીના પુત્ર સરખો ધનગિરિ નામે શ્રેષ્ટિ પુત્ર હતો. તે પરમ શ્રાવક હતો. પર્વત સદૃશ દ્રવ્યનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમૂહ એકઠા કર્યો હતો; મધ્યમ વયે કરીને સુશોભિત તેના શરીરને વિષે જાણે પ્રશમ રૂપ દ્વારપાળે રક્ષણ કર્યું હોય તેમ—કામદેવ પ્રવેશ કરી શક્યો નહોતો. ધર્મથી અર્થ પ્રાપ્ત થાય છે એવું ન્યાય શાસ્ત્રને વિષે કહ્યું છે, પણ તે તો સુપાત્રને વિષે દ્રવ્યનિયોજન કરવા વડે, અર્થથી ધર્મ કરતો હતો. અર્હતદ્ધર્મપરાયણ તે બ્રહ્મચર્યથી સ્વર્ગ અને મોક્ષ ફળની પ્રાપ્તિને જાણતો કોઇપણ કન્યાની સાથે લગ્ન કરવાને ઇચ્છાવંત થયો નહિં. ધનગિરિને વિષે આદરવાળા જે માતપિતા પોતાની કન્યાનો વિવાહ તેની સાથે કરવાની પ્રાર્થના કરતા તેની પાસે જઇને તે કહેતો કે 'હું તો દિક્ષા ગ્રહણ કરીશ. કહ્યા છતાં પછી મારો દોષ ન કાઢશો.

પછી તે નગરના રહેનાર ધનપાલ નામે શેઠની પુત્રી સુનંદાએ ધનગિરિ ઉપર પ્રીતિવાળી થવાથી પોતાના પિતાને કહ્યું કે મારૂં લગ્ન ધનગિરિ સાથે કરો અને તેજ મારો પતિ થાઓ. તેથી ધનપાલ શેઠે સ્વયવંર પરાયણ પોતાની પુત્રીને પ્રવજ્યાની ઈચ્છાવાળા ધનગિરિ પ્રત્યે પરણાવી એ સુનંદાના ભાઈ આર્યશમિતે પૂર્વે સિંહગિરિ આચાર્યની સમીપે દિક્ષા ગ્રહણ કરી હતી.

અન્યદા ઋતુસ્નાન કરેલી સુનંદા સાથે બ્રહ્મચર્યની બુદ્ધિવાળા ધનગિરિએ ભોગની ઈચ્છા કરી. પૂર્વે જે વૈશ્રમણના સામાનિક દેવે અષ્ટાપદ પર્વત ઉપર ગૌતમસ્વામીએ પ્રરૂપેલ પુંડરીક અધ્યયનનું અવધારણ કર્યું હતું તે આયુષ્ય પૂર્ણ થયે ત્યાંથી ચવીને સુનંદાની કુક્ષિને વિષે ઉત્પન્ન થયો. તેણીને ગર્ભવંતી જાણીને બુદ્ધિમાન્ ધનગિરિ આ ગર્ભ અદ્વિતીય થશે એમ વિચારી પ્રવજ્યા લેવા ઉત્સુક થયો. તેણે પોતાની સ્ત્રી પ્રત્યે કહ્યું 'હે પ્રિયે! નહિ ઈચ્છતાં પણ તારી સાથે સંબંધ થયો. હવે હું દિક્ષા અંગીકાર કરીશ. અતઃપર તારૂં કલ્યાણ થાઓ!' એમ કહી તૃણની ઝુંપડીની માફક તેણીનો ત્યાગ કરી ધનગિરિએ સિંહગિરિ આચાર્ય સમીપે જઇ યમી અંગીકાર કરી, અને બાવીશ પરીષહને સહન કરી—શરીર ઉપર નિસ્પૃહતા ધારણ કરી—દુષ્કર તપ તપવા લાગ્યો. ધૈર્ય, આર્જવ, અને વિનય વિધી શિષ્યગુણે સંપન્ન થઈ ગુરૂ—પાસેથી—કૂપથી જલની જેમ શ્રુતસાર ગ્ર...

...દો, જેવો

...ઉપકરણો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નવી ચોપડીઓની જાહેર ખબર.

અમારી ઓફીસમાં વેચાણ મળતી (  ) બુકોનું કીંમત સહીત લીસ્ટ છપાવીને બહાર પારેલ છે અને ગ્રાહકોને વહેંચેલ છે. જોઇએ તેણે પત્ર લખીને મંગાવવું. તેમાં લખ્યા શિવાયની નવી બુકોની વીગત.

| | | |
|---|---|---|
| ૧ | અઢીદ્વિપના નકશા વિગેરેની હકીકત. (નકશાઓ યુક્ત.) | ૨—૦—૦ |
| ૨ | શ્રી શત્રુંજયના નકશા (રંગીત કપડા સાથે) | ૧—૦—૦ |
| ૩ | શ્રી આબુજીના નકશા (રંગીત કપડા સાથે) | ૦—૬—૦ |
| ૪ | શ્રી જૈન કલ્પવૃક્ષ (રંગીત કપડા સાથે) ઋષભદેવજીથી પટ્ટાવળી) | ૧—૪—૦ |
| ૫ | મુનીરાજ શ્રી આત્મારામજી કૃત લેજાઓ વિગેરેની | ૦—૪—૦ |
| ૬ | રતીસાર કુમારનું ચરિત્ર. (બહુજ રસીક) | ૦—૪—૦ |
| ૭ | નવું જૈન પંચાંગ (સંવત ૧૯૪૭ ના ચૈતરથી ૧૯૪૭ ના ફાગણ સુધી) | ૦—૧—૦ |
| ૮ | નવસ્મરણ મૂળ (શાસ્ત્રી અક્ષરની) | ૦—૪—૦ |
| ૯ | ઢુંઢકમત સમીક્ષા. | ૦-૧૦—૦ |
| ૧૦ | મિથ્યા પ્રચાર. | ૦—૨—૦ |
| ૧૧ | પ્રાત:સ્મરણ મંગળપાઠ. | ૦—૦—૬ |
| ૧૨ | પુણ્યાઢ્ય ચરિત્ર ભાષાંતર. | |
| ૧૩ | સ્થવીરાવળી ચરિત્ર. (પદ્યબંધ) પુંઠાં બાંધેલ. | ૨—૨—૦ |
| ૧૪ | સિદ્ધાંતચંદ્રીકા ઊત્તરાર્ધ મૂળ. | ૦—૮—૦ |
| ૧૫ | શ્રી પાંચ પ્રતિક્રમણ સૂલ સ્તવનો વિગેરે સહીત. | ૧—૪—૦ |
| ૧૬ | શ્રી સિદ્ધાચળજી વર્ણન. | ૦—૬—૦ |
| ૧૭ | સદુપદેશમાળા (નિતિ સંબંધી રસીક કથાઓ) | ૦-૧૨—૦ |

## પોસ્ટેજ જુદું બેસશે.

## ગ્રાહકોએ લવાજમ તાકીદે મોકલવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# "એંગ્લો વર્નાક્યુલર પ્રિંટિંગ પ્રેસ."

ઉપરના નામનું છાપખાનું થોડી મુદત થયાં અમોએ અમદાવાદમાં પાનકોરને નાકે ઘાંચીની વાડીમાં ઉઘાડયું છે. સાંચા, ટાઈપ, વિગેરે તદન સર્વ સામન નવોજ છે. અમારા પ્રેસમાં ઈંગ્રેજી, ગુજરાતી, બાળબોધી, વિગેરે સઘળું કામ થાય છે. તથા ઘણીજ સારી રીતે અને કીફ્રાયતથી તેમજ માગેલી મૂદતમાં કરી આપીએ છીએ. માટે જે સાહેબોને કાંઈ છપાવવું હોય તેમણે નીચે સહી કરનારને મળવું અથવા પત્ર લખવો.

અમદાવાદ.
પાનકોરનેનાકે ઘાંચીની વાડી.

નથુભાઇ રતનચંદ મારફતીયા.
એંગ્લો વરનાક્યુલર પ્રિંટિંગ
પ્રેસના માલીક.

For Private And Personal Use Only